**AAL-001-001481** **Seat No. ______**

**B. A. (Sem. IV) (CBCS) Examination**

**April / May - 2016**

**Gujarati : Paper - IX**

**અહેવાલ લેખન**

*(Elective - I)*

*(Optional) (Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001481**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં MCQ પ્રકારના વીસ પ્રશ્નો છે.
(2) એક MCQનો એક ગુણ કુલ વીસ ગુણ છે.
(3) MCQ પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

1 નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો : **20**

(1) પૂર્વે બની ગયેલી હકીકત કે ઘટનાનું સાચું, સચોટ અને સંક્ષિપ્ત વર્ણન-લેખનને શું કહેવાય ?

(A) અહેવાલલેખન (B) નિબંધલેખન

(C) વાર્તાલેખન (D) પત્રલેખન

(2) બે ભિન્ન પદાર્થો વચ્ચે અમુક સામ્યને કારણે તુલના કરવામાં આવે ત્યારે ............. અલંકાર બને છે ?

(A) રૂપક (B) ઉત્પ્રેક્ષા

(C) ઉપમા (D) શ્લેષ

(3) ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1948 (B) ઈ.સ. 1884

(C) ઈ.સ. 1984 (D) ઈ.સ. 1848

(4) જે વસ્તુની સરખામણી કરવાની હોય તે વર્ણ્યવિષયને શું કહેવાય ?

(A) ઉપમેય (B) વિશેષણ

(C) ક્રિયાવિશેષણ (D) ઉપમાન

(5) 'નર્મદ સાહિત્યસભા' દ્વારા ઉત્તમ સાહિત્ય સર્જન કરનારને કયા ચંદ્રકથી નવાજવામાં આવે છે ?

(A) સુવર્ણચંદ્રક (B) ગાંધી સુવર્ણચંદ્રક

(C) નર્મદ સુવર્ણચંદ્રક (D) મેઘાણી સુવર્ણચંદ્રક

(6) ઉપમાન અને ઉપમેય વચ્ચેનું સામ્ય દર્શાવતા શબ્દને શું કહે છે ?

(A) ઉપમાવાચક શબ્દ (B) ઉત્પ્રેક્ષાવાચક શબ્દ

(C) વિશેષ્યવાચક શબ્દ (D) ત્રણેયમાંથી એકપણ નહીં

(7) 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

(A) ઈ.સ. 1820 (B) ઈ.સ. 1920

(C) ઈ.સ. 1810 (D) ઈ.સ. 1910

(8) જેવું, પેઠે, સમાન વગેરે કેવા શબ્દો છે ?

(A) ઉપમેય વાચક (B) ઉપમા વાચક

(C) ઉત્પ્રેક્ષા વાચક (D) સહસંબંધ વાચક

(9) અલંકારના મુખ્ય પ્રકાર કેટલા ?

(A) બે (B) ચાર

(C) છ (D) પાંચ

(10) 'ઈસ્ત્રી કરેલાં વસ્ત્ર જેવા આ સુવાળા શહેરના રસ્તા ગમે' - આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) ઉપમા (B) ઉત્પ્રેક્ષા

(C) રૂપક (D) શ્લેષ

(11) શબ્દાલંકારમાં ......... ની ચમત્કૃતિથી સૌંદર્ય નિપજે છે.

(A) અર્થ (B) શબ્દ

(C) અક્ષર (D) વર્ણ

(12) ''આ નિરાધારા પુલ આપણને હળવે પગે લઈ જાય છે, પાણી વચ્ચે તપ કરતા ઋષિ જેવા એક બેટના જટાભારમાં'' - આ વાકયમાં કયો અલંકાર છે ?

(A) રૂપક (B) ઉત્પ્રેક્ષા

(C) ઉપમા (D) શ્લેષ

(13) અર્થાલંકારમાં ........... ની ચમત્કૃતિથી સૌંદર્ય નિપજે છે.

(A) અક્ષર (B) શબ્દ

(C) અર્થ (D) વર્ણ

(14) ''ઝાંખાં ભૂરાં ગિરિ ઉપરનાં એકથી એક શૃંગ,

વર્ષાકાલે જલધિજલના હોય જાણે તરંગ !''

- આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) ઉપમા (B) ઉત્પ્રેક્ષા

(C) શ્લેષ (D) વ્યતિરેક

(15) એકના એક વર્ણના પુનઃ આવર્તનથી પંક્તિમાં વર્ણમાધુર્ય અને કાવ્યમયતા સાધે તે અલંકાર કયો છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહી

(16) ''એમ તો તારાં નેણ બિલોરી, વેણથી યે વધુ બોલકાં ગોરી'' આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) ઉપમા (B) વ્યતિરેક

(C) ઉત્પ્રેક્ષા (D) રૂપક

(17) ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) વર્ણાનુપ્રાસ (B) શબ્દાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહીં

(18) એક પંક્તિમાં એક શબ્દના એક કરતાં વધુ અર્થ અભિપ્રેત હોય ત્યારે કયો અલંકાર બને છે ?

(A) ઉપમા (B) રૂપક

(C) શ્લેષ (D) ઉત્પ્રેક્ષા

(19) ''કાળા કરમનો કાળો મોહન, કાળું એનું નામ.

કાજળથી વધુ કાળપ લાગે, કરશે કેવાં કામ ?''

- આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) શબ્દાનુપ્રાસ (B) વર્ણાનુપ્રાસ

(C) અર્થાનુપ્રાસ (D) એકેય નહી

(20) નિંદા દ્વારા સ્તુતિ કરવામાં આવે ત્યારે કયો અલંકાર બને ?

(A) ઉપમા (B) રૂપક

(C) વ્યાજસ્તુતિ (D) ઉત્પ્રેક્ષા

2 તમારી કૉલેજમાં NSS યુનિટ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિ વિશેનો અહેવાલ લખો. **10**

**અથવા**

2 કૉલેજના પ્રથમ વર્ષમાં દાખલ કરવામાં આવેલા પર્યાવરણ વિષય અંતરગત પર્યાવરણ જાગૃતિ અને જાળવણી સંદર્ભે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિ અંગેનો અહેવાલ લખો. **10**

3 'તથાપિ' સાહિત્યિક સામયિકનો પરિચય આપો. **10**

**અથવા**

3 કવિતા સાહિત્યિક સામયિકનો પરિચય આપો. **10**

4 (અ) ટૂંકનોંધ લખો. (બેમાંથી એક) **8**

(1) પ્રેમાનંદ સાહિત્યસભા

(2) ગુજરાત વિદ્યાસભા

(બ) ટૂંકનોંધ લખો. (બેમાંથી એક) **8**

(1) ગૂજરાત વિદ્યાપીઠ

(2) નર્મદ સાહિત્યસભા

5 નીચેનામાંથી કોઈપણ બે અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સાથે સમજાવો. **14**

(1) ઉત્પ્રેક્ષા

(2) વ્યાજસ્તુતિ

(3) ઉપમા

(4) અનન્વય.